સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

એલોપથી છે જાદુઈ લાકડી જલ્દી મટાડે છે
આડઅસર સાથે તબીબોને પણ ખટાવેછે
આયુર્વેદ - ધૈર્ય - શિસ્ત - સંયમ દર્દ મટાડે છે
આડઅસર વિના, મન-જેવી શાંતિ ચટાડે છે
(કોરોના-સાજા થવાના ગાળાનો તફાવત)

એક દબાવો -
ફૂટે અનેક સ્થળે -
કેન્સર કીડા -
(એલોપથી સારવાર)

આપે આરામ
આડઅસર વિના -
નિરોગી શાંતિ...
(આયુર્વેદ સારવાર)

હાઈકુ

ચિંતન

ન પારમેષ્ઠ્યં ન મહેન્દ્રધિષ્ણ્યં ન સાર્વભૌમં ન સમાધિપત્યં ।
ન યોગસિદ્ધિપુનર્ભવં વા મત્સ્યર્પિતાત્મેચ્છતિમદ્વિનાન્યત્ ॥

ઉપરોક્ત શ્લોક શ્રીમદ્ ભાગવતમાંથી લેવામાં આવેલ છે.

ભગવાન પોતે ભક્તનું વર્ણન કરતાં કહે છે : જેણે પોતાની જાતને મને સમર્પણ કરી દીધી છે, એવા બક્તને મારા સિવાય કશું જોઈતું નથી. તેણે બ્રહ્માનું પદ જોઈતું નથી. તેમ ઈન્દ્રનું સ્થાન પણ તે ચાહતો નથી. એના મનમાં સાર્વભૌમ સમ્રાટ બનવાની પણ ઈચ્છા હોતી નથી. અને સ્વર્ગથી પણ અધિક રસાતલનું સ્વામિત્વ પણ તે ઈચ્છતો નથી. યોગ સિદ્ધિઓ તો શું એને તો મોક્ષની પણ ઈચ્છા હોતી નથી.

ઈશ્વર સાક્ષાત્કારથી ભક્ત સિદ્ધ બને છે. હવે એની સર્વ ઈચ્છાઓ સંતોષાઈ ગઈ છે. હવે એને કોઈ આવશ્યકતા રહી નથી. એ તો હવે પરમ શાંતિ, અનંત અને પૂર્ણ સંતોષ તથા અખંડ આનંદનો ઉપભોગ કરે છે. આથી જ તેને સિદ્ધ કહેવાય છે.

સુવિચાર

- જિંદગી કી મુશ્કીલોં કો, 'અપનોં' કે બીચ રખ દો, યા તો 'અપને' રહેંગે, યા ફિર મુશ્કિલેં... - **સાંઈરામ દવે**
- પુસ્તકો વિના ઈશ્વર મૌન છે, ન્યાય નિદ્રાધીન છે, પ્રાકૃતિક વિજ્ઞાન સ્તબ્ધ છે, શબ્દ મૂંગો છે અને બધે ગાઢ અંધકાર છે - **બાર્થોલિન**
- આપણે આપણી પ્રાર્થનાઓમાં મંગલકામના સૌને માટે પ્રાર્થવી જોઈએ કારણ કે પરમેશ્વર જ જાણે છે કે આપણી ભલાઈ શેમાં છે ? - **સોક્રેટિસ**
- મત્યુ અમરતાનો મહાલય ખોલવાની સોનેરી ચાવી છે - **મિલ્ટન**
- કોઈ વ્યક્તિ સંયમથી શરીરને જીતી લે તો સંસારમાં એના ઉપર કોણ સત્તા ચલાવી શકે? - **વિનોબા ભાવે**
- પરાજય સાથે, અપમાન કે તિરસ્કાર સાથે સમજૂતિ કરી લેવામાં તો ગૌરવ છે, પરંતુ અનિષ્ઠ સાથે સમજૂતી કરી લેવામાં તો ભાવિ ભયંકર છે, આજના સમયમાં આનાથી વિપરીત ચાલ્યું છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : લીલી ચા સાથે ભૃંગરાજ ઉમેરી પાણીમાં તરત કાવો જેવું બનાવી પીવાથી મગજના તણાવમાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક વખત કોઈકે કાનખજૂરાને પૂછ્યું, 'અરે !! તારે તો કેટલા બધા પગ છે! આટલા બધા પગ સાથે ચાલવામાં તમને તકલીફ પડતી હશે ને! વળી આ પગ સાવ પાતળી દોરી જવા છે! આટલી બધી સંખ્યામાં હોવાથી તે એકબીજામાં ગુંથાઈ કે ગુંચવાઈ પણ જતા હશે નહિં?? તમારે ખૂબ સતર્ક રહીને ચાલવું પડતું હશે ને??' કાનકજૂરો ઘડીભર તો એ પ્રશ્ન પૂછનાર સામે તાકી રહ્યો. અને પછી કોઈ જવાબ આપ્યા વગર ચાલવા લાગ્યો... પણ હવે એની ચાલમાં સહજતા ન હતી. એ હવે સ્વાભાવિક રીતે ચાલી શકતો ન હતો. અત્યાર સુધી કાનખજૂરાને ચાલવામાં કોઈ જ મુશ્કેલી પડતી ન હતી. પણ એને એની ચાલ વિશે અને એના આટલા બધા પગ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો. એટલે હવે એ એલર્ટ થઈ ગયો. હવે એનું ધ્યાન એના અનેક પગ તરફ ગયું. પાતળા દોરી જેવા એના પગ પરસ્પર ભેરવાઈ ન જાય એની તકેદારી રાખવામાં એણે પોતાની ઓરિજિનલ ચાલ ગુમાવી દીધી. આપણી સ્થિતિ પર લગભગ આવી જ છે. આપણને જયાં સુધી કોઈ કે સળી કરી ન હતી. ત્યાં સુધી આપણે સ્વાભાવિક અને સહજ જીવન જીવતા હતા. પણ આપણને કોઈકે નરકનો ભય અને સ્વર્ગની લાલચ પકડાવી દીધી. બસ ત્યારથી આપણે સ્વાભાવિક આનંદ ખોઈ બેઠા છીએ, આપણે ડગલે ને પગલે સ્વાભાવિક સુખો છોડીને કાલ્પનિક દુઃખોમાં ડૂબેલા રહીએ છીએ અને પ્રસન્નતાની પળો વ્યર્થ વેડફી રહ્યા છીએ. સભાનતા હંમેશા સહજતાને આઘાત આપે છે અને ધક્કો મારે છે. સભાનતા હશે ત્યાં સ્વાભાવિકતા ટકી જ નહીં શકે.

ટ્વિટરના કાન આમળતી કેન્દ્ર સરકાર

તંત્રીસ્થાનેથી...

કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન પ્રસ્થાપિત કરવામાં સોશિયલ મીડિયાનો ફાળો નજર અંદાજ કરી શકાય એમ નથી. સોશિયલ મીડિયા જયારે વાવાઝોડું બની કોઈ એક નેતા પર ત્રાટકે છે ત્યારે એ મોટો ચમરબંધી હોય તો પણ ભોંયભેગો થઈ જાય છે. ચૂંટણી પ્રચારમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં ભારતીય જનતા પાર્ટી હરહંમેશ મોખરે રહી છે. ભાજપના સર્વોચ્ચ નેતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે જ સોશિયલ મીડિયાની આ તાકાતનો અંદાજ લગાવી શક્યા હતા. જેથી એ હરહંમેશ એ માધ્યમો પર છવાયેલા રહ્યા છે. પરંતુ જયારે આવાં માધ્યમો પોતાની રીતે સક્ષમ બની જાય છે ત્યારે ખુદ પોતાના સમર્થકોને ગાંઠતાં નથી. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોલાન્ડ ટ્રમ્પથી લઈ નાઈજિરિયાના રાષ્ટ્રપ્રમુખ બુખારી અને આપણા રાષ્ટ્રીય નેતાઓ કે એમના 'આકાઓ' ગણાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણીઓ સુધી તમામને એક યા બીજી રીતે સોશિયલ મીડિયાની આ તાકાતનો પરચો મળી ગયો છે. ફેસબુક અને ટ્વિટર જેવાં માધ્યમો સરકારને નડતા લાગે ત્યારે સરકાર એમને સકંજામાં લેવા પ્રયાસ કરે છે. દેખીતું છે કે સરકાર તો આ વેપારી પ્રતિષ્ઠાઓને ખુશ રાખવી જ પડે. એટલે કેટલીક અંડર ટેબલ વહીવટ જેવી ઘટનાઓ પણ બનતી રહે છે. છેલ્લે થાકીને ભારત સરકારે આ રમણે ચડેલા અને ફૂંફાડા મારતા આખલા જેવી સોશિયલ મીડિયા કંપનીઓ માટે નવા નિયમોની લક્ષ્મણરેખાઓ દોરવી પડી છે. એ નિયમોના પાલન માટેની અંતિમ તારીખ સુધી ટ્વિટર જેવા માધ્યમો હાથીની ગતમાં પોતાની રીતે ચાલતાં રહ્યાં છે. એટલું ઓછું હોય એમ સરકારને પણ પોતાના વજૂદનો અંદાજ આવી શકે એટલા સારું પોતાના નિયમો લાગુ પાડીને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુથી લઈ સંઘના વડા મોહન ભાગવતના ટ્વિટર એકાઉન્ટ પરથી બ્લ્યુ ટિક હટાવવાનું પગલું ભણી જાણે છે. આથી વાજ આવીને કેન્દ્ર સરકારને ટ્વિટર સાથે બાકરી બાંધવી પડી છે. માહિતી પ્રધાને લાલ આંખ કરીને ટ્વિટરને અલ્ટિમેટમ આપી દીધું છે કે નિયમોનું પાલન કરો કે પછી આકરાં પગલાં માટે તૈયાર રહો. નવા ડિજિટિલ નિયમોનું પાલન નહીં કરે તો ટ્વિટરને આઈટી એક્ટ ૨૦૦૦ની કલમ-૭૯ અન્વયે અપાયેલ છૂટછાટ રદ કરી દેવાશે. આ કલમ હેઠળ ટ્વિટરને તેના વપરકાશકારો દ્વારા કરાતી પોસ્ટ માટે જવાબદાર ગણવામાં નથી આવતું જો આ છૂટછાટ પાછી ખેંચી લેવાશે તો યુઝર્સની પોસ્ટ માટે ટ્વિટર જવાબદાર લેખાશે અને આઈટી એક્ટ તથા અન્ય સજાપાત્ર કાયદાઓ અંતર્ગત એને સજા કરાશે. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફેર્મેશન ટેકનોલોજી મંત્રાલયે ટ્વિટરને પાઠવેલી નોટિસમાં સ્પષ્ટ કર્યું છે કે નવી ગાઈડલાઈનના નિયમો ૨૬ મે, ૨૦૨૧થી જ અમલી બની ચૂક્યા છે. નિયમો જાહેર થયાને અઠવાડિયું વીત્યુ છતાં ટ્વિટરના પેટનું પાણી નથી હાલ્યું. નિયમો અનુસાર કંપનીએ ચીફ કોમ્પ્લાયન્સ ઓફિસરની નિમણૂંક અંગેની વિગતો સરકારને આપવી જોઈતી હતી જે આપી નથી. વળી કંપની દ્વારા દ્વારા નિયુક્ત કરાયેલ રેસિડેન્ટ ગ્રીવન્સ ઓફિસર અને નોડલ કોન્ટેકર પર્સન નિયમ મુજબ ટ્વિટરનો કર્મચારી નથી. ટ્વિટરે આપેલ સત્તાવાર કચેરીનું સરનામું પણ એક લો ફર્મનું છે. સરકારે ટ્વિટરના કાન આમળતાંની સાથે એણે ભાગવત અને વેંકૈયા નાયડુની બ્લ્યુ ટીક બહાલ કરી દીધી છે. હકીકતમાં ભારતના ઉપરાષ્ટ્રપતિની બ્લ્યૂ ટિક રદ કરીને ટ્વિટરે દુઃસાહસ કર્યું હતું.એ સીધેસીધું સરકારનું જ અપમાન જ ગણાય કારણ કે ઉપરાષ્ટ્રપતિ એ ભારતની બીજા નંબર બંધારણીય પદ ગરિમા છે. નાઈઝિરિયાના રાષ્ટ્રપ્રમુખની ટ્વિટને વાંધાજનક ગણીને રદ કરવાની ચેષ્ઠા ટ્વિટરને મોંઘી પડી છે. એનો રાષ્ટ્રીય સ્તરે બહિષ્કાર થવા પામ્યો છે. ભારતમાં પણ આવું થાય તો કંપનીના પાયા જ હચમચી જાય કારણ કે વિશ્વની બીજા નંબરની વસતિનું બજાર ગુમાવવાની નોબત આવે. અલબત્ત, ટ્વિટરે રદ કરેલ બ્લ્યૂ ટિક પાછલનું લોજિક કારણ રજૂ કરીને બચવા કોશિશ કરી છે પરંતુ છ મહિના સુધી વપરાશમાં ન હોવાથી મહાનુભાવોની બાકબાકી કરવાનું પગલું એને ભારે પડ્યું છે. એવા કેટલાય મહાનુભાવો છે જે હયાત નથી છતાં એમની બ્લ્યૂ ટિક યથાવત જ રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને અહમદ પટેલ એનાં ઉદાહરણ છે. સોશિયલ મીડિયા પેલા દંતકથાના વાઘ જેવું છે. એના પર સવારી કરનાર પર જ એ કયારે હુમલો કરી બેસે એનું કશું જ નક્કી નહીં !

નવા મોડલ ટેનન્સી એક્ટની સમજૂતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કેન્દ્ર સરકારે મોડેલ ટેનન્સી એક્ટ એટલે કે આદર્શ ભાડૂત કાયદાને મંજૂરી આપી દીધી છે. આ કાયદામાં મકાન માલિક અને ભાડૂઆત બંનેની હિતની જોગવાઈ કરવામાં આવી છે. આવા કેસોના નિકાલ માટે અલગ ટેનન્સી કોર્ટ કે ઓથોરિટી બનાવવાની પણ કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ છે. નવા કાયદા અનુસાર મકાન માલિક ભાડૂઆત પાસેથી વધુમાં વધુ બે માસનું ભાડુ જ એડવાન્સ લઈ શકાશેજો ભાડુઆત ભાડુ ચૂકવી ના શકે અથવા તો મકાન કે મિલકત ખાલી ના કરે તો મકાન માલિક ભાડુઆત પાસેથી વધુમાં વધુ ૨ થી ૪ ગણુ ભાડુ વસુલ કરી શકશે. આ કાયદાથી દેશભરમાં મકાન ભાડે આપવાની વર્તમાન વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવશે. કોરોના કાળમાં ધંધા, ઉદ્યોગ, શિક્ષણ વિગેરે બંધ હોય ભાડુઆતો મિલકત ખાલી કરીને જતા રહ્યા છે. જેનાથી પી.જી. ઉદ્યોગને તથા મકાન માલિકોની આવકમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. પેન્શન ઉપર નભતા વ્યક્તિઓ મિલકત ભાડે આપી વધારાની આવક કમાતા તેમાં પણ આનાથી ઘટાડો નોંધાયો છે તથા ભાડા ઉપર ગુજરાન ચલાવનાર વર્ગને નુકશાન થયું છે. નવો મોડલ ટેનન્સી એક્ટ, ૨૦૧૯માં મુસદ્દો તૈયાર કરી કેન્દ્રીય કમિટિ સમક્ષ મુકવામાં આવ્યો હતો. જેનો ઉદ્દેશ ભાડુઆત અને સંપત્તિ માલિક વચ્ચે જવાબદારી સ્પષ્ટ કરવાનો છે અને બંને વચ્ચે ભરોસો કાયમ ટકી હે તે જોવાનું છે. આ કાયદા જીવંત, ટકાઉ રેન્ટલ માર્કેટ ઉભું થશે. ખાલી પડેલા મકાનોને ભાડે માડે ઉપલબ્ધ કરવામાં મદદ કરાશે અને તમામ આવક જૂથ માટે ભાડાના પર્યાપ્ત રહેઠાણનો સ્ટોક તૈયાર કરવામાં મદદ કરાશે. તેનાથી બેઘરોના મુદ્દાનો સરળતાથી નિકાલ થશે. મકાન માલિક અને ભાડૂઆત વચ્ચેના વિવાદિત સૌથી મોટું કારણ એડવાન્સ રકમ અને ડિપોઝિટની છે. જે અંગે જોગવાઈ કરાતા રહેઠાણ માટે ૨ મહિનાનું અને બિન રહેઠાણ માટે ૬ મહિનાનું એડવાન્સ ભાડુ વસૂલ કરી શકાશે. મકાન ખાલી કરવા અંગે પણ જરૂરી જોગવાઈ કરવામાં આવેલ છે. સંપત્તિ માલિક જરૂરી જોગવાઈ કરવામાં આવેલ છે. સંપત્તિ માલિક રેન્ટ એગ્રીમેન્ટ શરતોને પૂરી કરશે તો તેને વધારે અધિકારો આપવામાં આવશે. જો નોટિસ આપવા છતાં ભાડુઆત નક્કી તારીખ સુધીમાં મકાન ખાલી નહી કરે તો માલિક પહેલા બે મહિના બમણું અને તેના પછી ના મહિને ચાર ગણું ભાડુ વસૂલી શકશે. સંપત્તિ માલિક મિલકત રીપેરીંગ કરવા માંગે તો ભાડુઆતને ૨૪ કલાક અગાઉ નોટીસ આપી જાણ કરવાની રહેશે. રેન્ટલ હાઉસિંગમાં આ કાયદાની ખાનગી લોકો અને કંપનીનો હિસ્સો વધશે. લાંબા સમયથી બંધ પ્રોપર્ટી બજારનો હિસ્સો બનશે. મોટાભાગના લોકો તેમના ખાલી કે બંધ પડેલા મકાન ભાડે આપવા પ્રેરાશે. પહેલા ખાલી કરવામાં કાયદાની આંટીઘૂંટીમાં ઘણા વર્ષો નિકળી જતા હોય મકાન માલિક સંપત્તિ ભાડે આપવાનું ટાળતા હતા. તેથી બિનઉપજાઉ મિલકતો ના દરમાં વધારો જોવા મળતો હતો. મકાન ભાડે આપવા માટે ખાનગી ક્ષેત્રોની કંપનીઓ આગળ આવશે અને મધ્યસ્થી કરશે. જેથી મકાનોની અછત દૂર થશે. નવો કાયદો આવી પ્રોપર્ટી ભાડે આપવાનો અધિકાર આપશે. રેન્ટલ હાઉસિંગ ખાનગી વ્યક્તિઓ અને કંપનીનો હિસ્સો વધશે. જેની અસર આર્થિક દ્રષ્ટી ઉપર પણ પડશે.

રાજ્યો આ કાયદામાં પોતાની રીતે સુધારો વધારો કરી નવા નિયમોનો ઉમેરો કરી શકશે. ભાડા સંબંધિત વિવાદો ઉકેલવા માટે રેન્ટ કોર્ટ કે રેન્ટ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવશે. જેથી જુના ભાડુઆતના કેસોનો પણ ઝડપી ઉકેલ આવશે. તેમજ મકાન કે સંપત્તિ માલિક પોતાની મિલકતનો કબજો પરત મેળવી શકશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
info@trivediassociates.in

રગરગ ને રોમરોમથી તૂટી જવાય છે, તો પણ મઝાની વાત કે જીવી જવાય છે!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

મારા કામમાં મને જો કશી ખામી ન દેખાય, તો એનો અર્થ એ કે મારી શક્તિની હવે ઊતરતી કળા છે.''

એકવાર એક શિલ્પી મૂર્તિ ઘડી રહ્યો હતો. શિલ્પકામ પુરું કર્યા પછી તેણે મૂર્તિને ધારી ધારીને નિહાળી, માથું ધુણાવ્યું, અને પછી ત્યાં જ બેસી પડ્યો અને રડવા લાગ્યો.

''કેમ, શું થયું?'' તેના મિત્ર એ પૂછ્યું. ''મૂર્તિ તને સંતોષ થાય તેવી નથી બની? આંસુ ભીની આંખે શિલ્પી બોલ્યો, ''આ મૂર્તિમાં હું કશી ખામી જોઈ શકતો જ નથી.'' મિત્રે કહ્યું, ''તો પછી રડે છે શા માટે ?'' તેણે કહ્યું, ''હવે મારી શક્તિ ક્ષીણ થઈ લાગે છે તો જ મને મારી ખામી ન દેખાય !''

પોતાના કામ પ્રત્યેનું Passion અને dedication હોય તે સર્વે પોતપોતાની ખાસિયત એટલે કે કાબેલિયત તેમજખામીઓને જાણી શકે છે!ખામીઓને જાણવાથી અને તેના નિવારણથી પોતાના કામમાં ઉત્તરોત્તર improvement થતું જોઈ શકાય છે! આ દુનિયાની કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ રીતે perfectionist નહોઈ શકે ! પણ મોટેભાગે પોતાના કાર્યમાં પ્રભુત્વ મેળવ્યા બાદ તેમજ વર્ષો સુધી એક જ કામને લગનથી કરનાર વ્યક્તિ એમ માની બેસે છે કે પોતે હવે સંપૂર્ણ બની ગયેલો છે અને આવા સમયે તેનામાં રહેલો આ ગર્વ તેના improvement નો રસ્તો બંધ કરી દે છે અને ત્યારબાદ ધીરે ધીરે તેના કાર્યમાં પહેલા જેવી નિપુણતા જોઈ શકાતી નથી !

મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને એક પ્રસંગે પ્રવચન માટે આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે તેમણે દિલગીરી દર્શાવતાં કહ્યું, 'મારે અત્યારે કાંઈ કહેવાનું નથી. પરંતુ જો કાંઈ કહેવાનું હશે તો હું પછીથી આવીશ.' બરાબર છ માસ પછી તેમણે મૂળ નિમંત્રકોને તારથી ખબર આપ્યા: 'હવે મારે કાંઈક કહેવાનું છે.'' આથી આઈન્સ્ટાઈનને મુખ્ય મહેમાન તરીકે પોતાનું પ્રવચન આપ્યું. જો આઈન્સ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિક પણ

સંપૂર્ણપણે તૈયારી કર્યા બાદ જ પ્રવચન કરતા હોય તો મારા-તમારા જેવા તમામ લોકોએ અંતરમનને આ પ્રશ્ન પૂછવો જ રહ્યો કે આપણે જે કાંઈ પણ કાર્ય કરીએ છીએ તેમાં શું કાશી કે ક્ષતિ તો નથી રહી જતી ને ! જયારે આપણે નાના હોઈએ ત્યારે શાળા-કૉલેજોમાં પરીક્ષા સમયે parents અને teachers હંમેશા આપણને એક ટકોર કરતા કે આખું પેપર લખાઈ જાય ત્યાર પછી એકવાર ફરીથી શાંતિથી વાંચી લેવું કે જેથી કોઈ પણ ભૂલ આપણા ધ્યાનમાં આવે તો આપણે તેમાં ફેરફાર કરી શકીએ. આ પ્રક્રિયા આજીવન આપણામાં જળવાઈ રહેવી જોઈએ. આજકાલ બાળકો સ્માર્ટ ફોન તેમજ ઈન્ટરનેટની મદદથી દેશ-વિદેશમાં બનતી ઘટનાઓથી વાકેફ હોય છે ! આજના બાળકોને આપણે smart generation કહીએ છીએ. ૯૮% કે ૯૯% લાવનાર એકલદોકલ વિદ્યાર્થીને બદલે હવે ખૂબ મોટી સંખ્યામાં બાળકો આટલા માર્ક્સ લાવતા થઈ ગયા છે! ત્યારે આવા સમયે બાળકને પોતે બધું જ જાણે છે અને perfact છે એવો ભ્રમ ન થાય તે ધ્યાન માતા-પિતાએ ખાસ રાખવાનું હોય છે ! બાળકને પ્રોત્સાહિત કરવું અને તેને છાવરવું એ બંને વચ્ચે ખૂબ જ પાતળી ભેદરેખા હોય છે ! માતાપિતાએ ખૂબ પૈર્ય અને સમજદારીપૂર્વક બાળકને પ્રોત્સાહન આપવાની સાથોસાથ તેની ભૂલ કે ક્ષતિ તરફ પણ તેનું ધ્યાન જાય તેની કાળજી લેવી પડશે !

એક સંગીતકાર મિત્ર કરાંચીમાં મુબારક અલીખાં પાસે સંગીત શીખવા જતા. સવારના ચાર વાગ્યે ઉસ્તાદ શીખવવાનું શરુ કરે. કલાકનો તો તેમના ઘરનો રસ્તો. એટલે સવારે ત્રણ વાગ્યે ઊઠીને નીકળવું પડે. ઉસ્તાદ ગાવાનું કહે, એકાદ કલાક આલાપ-ગાયન ચાલે, ત્યાં ઉસ્તાદ અચાનક કહે, 'જા, જઈને મારે માટે પાન લઈ આવ.'' અને શિષ્ય વહેલી સવારે કોઈ એકલદોકલ દૂકાન ઊઘડી હોય તે શોધી કાઢી, પાન લઈને આવે, ત્યારે ગુરુ કહે: ''હું હવે જે સૂર પરથી અધુરું મૂક્યું હતું ત્યાંથી ફરી શરુ કર.'' તે વખતે, સંગીતમાં જેનાં મનપ્રાણહૃદય સંપૂર્ણપણે તલ્લીન થઈ ગયા હોય, જેના અંતરમાં એ સૂરનું જ રટણ ચાલતું હોય, તે શિષ્ય એ સૂરને અધૂરો મૂક્યો હતો ત્યાંથી બરોબર અનુસંધાન શોધી લઈ શકે. એટલે કે પોતાના કાર્યમાં નિપુર્ણ થવા માટે અને ક્ષતિ શોધવા માટે એ કાર્યમાં પોતાનું સંપૂર્ણ attention હોવું પણ અત્યંત આવશ્યક છે ! કોઈ પણ કાર્યમાં, સાવ નાનું હોય કે ખૂબ મહત્ત્વનું હોય તેમા સો એ સો ટકા ધ્યાન હોય તો તે કાર્ય ચોક્કસ સર્વશ્રેષ્ઠ કાર્ય તરીકે ઝળકી ઊઠશે જ!

Last seen :

રગરગ ને રોમરોમથી તૂટી જવાય છે,
તો પણ મઝાની વાત કે જીવી જવાય છે!
રાતો છે જાગરણની, દિવસ દોડધામનો,
બેસું તો મોત, ચાલું તો થાકી જવાય છે.

- ખલીલ ધનતેજવી, 'સારાંશ' માંથી

- nehalgadhavi101@gmail.com

ભવિષ્યમાં પેટ્રોલપંપની જેમ શુદ્ધ ઓક્સિજનની ચેમ્બર્સ પણ જોવા પડશે?

નવી સવાર
રમેશ તન્ના

વિશ્વ કોરોના વાઈરસના કાળા કેરથી ત્રસ્ત છે ત્યારે આવીને ગયેલો પર્યાવરણ દિવસ ખરેખર તો યાદગાર બની રહેવો જોઈએ. કોરોનાનું આગમન અને તેણે વિશ્વ પર કરેલી અસરને પર્યાવરણ સાથે સીધો સંબંધ છે એવું જો આપણને સમજાશે તો આપણે સુધરવાનો

પ્રયાસ કરીશું, નહીંતર તો...

એ દિવસો બિલકુલ દૂર નથી કે વિશ્વનાં મોટાં શહેરોના રહીશોએ ઘરની બહાર નીકળતી વખતે ફરજિયાત પોતાની સાથે ઓક્સિજનનો બાટલો (કે એવું કોઈ ઉપકરણ) રાખવું જ પડશે. કોઈને આ કલ્પના વધારે પડતી લાગશે તો મને માફ કરજો, પણ આ સ્થિતિ હકીકત બનશે જ. ભારતનાં મોટાં શહેરોની હવા એ હદે પ્રદૂષિત થઈ ગઈ છે અને થઈ રહી છે કે શ્વાસમાં લેવા માટે શુદ્ધ હવા વાતાવરણમાં હશે જ નહીં. જો વ્યક્તિ અતિ પ્રદૂષિત હવા શ્વાસમાં લેશે તો બેભાન થઈ જશે, એને સખત ગભરામણ થશે અને તેનું મૃત્યુ થવાની શક્યતા પણ હશે એટલે શુદ્ધ હવાની સુવિધા કરવી જ પડશે. એ માટે જેની પાસે સગવડ હશે તે ઓક્સિજનના બાટલા જોડે રાખશે.

એટલે કે ૨૦૩૦ પછી વિશ્વનાં શહેરોમાં માસ્ક અને ઓક્સિજન શરીરનું એક અંગ બની જશે.

જેમ અત્યારે ઠેર ઠેર પેટ્રોલપંપ છે તે જ રીતે તમને એક-બે કીમીના અંતરે શુદ્ધ ઓક્સિજન આપતી ચેમ્બર્સ પણ જોવા પડશે. બહાર નીકળેલો માણસ એમાંથી નિયત દર આપીને ચોક્કસ સમય માટે શુદ્ધ હવા લેશે અને તાજોમાજો થશે. શ્વાસમાં હવા માટે પૈસા આપવા પડશે. પ્રિ-પેઈડ અને પોસ્ટ પેઈડ જેવાં કાર્ડ પણ હશે. જેમ હૃદય સાથે સંકળાયેલા હાઈ-બીપી અને લો-બીપીને માપીને દવા લેવાય એ જ રીતે ફેફસાંની ક્ષમતા પ્રમાણે હવા લેવાશે.

કોરોનાના અણધાર્યા અને મરણતોલ અનુભવ પછી આપણે જાગી જવાની જરૂર છે. વિકાસની લાયમાં આપણે પર્યાવરણનો ખુડદો બોલાવી દીધો છે. આપણે બેફામ થઈ ગયા છીએ. ખરેખર તો આપણી, મનુષ્ય જાતિની બુદ્ધિ બહેર મારી ગઈ છે. આપણે એ હદે પ્રકૃતિને નુકશાન કરી રહ્યા છીએ કે સામાન્ય સેન્સ પણ ગુમાવી બેઠા હોઈએ એવો ઘાટ છે.

આપણું શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. એ પાંચે તત્ત્વોને પ્રદૂષણ આભડી ગયું છે. આપણે પહેલાં તો પાણીને પ્રદૂષિત કરી નાખ્યું. એક તો શરીર માટે ઉપયોગી હોય તેવું પાણી ઓછું અને જે છે તે શુદ્ધ નથી. આપણે હવાને બગાડી નાખી. પ્રકૃતિએ સાવ જ મફતમાં આપેલી હવાને પણ માણસજાત બગાડી નાખે તેને પરાક્રમ કહેવું કે મુર્ખામી ગણવી ?

માણસજાતે ધરતી માતાને, જમીનનો હવે વારો લીધો છે. કેમિકલ્સ નાખીને આપણે જમીનને પણ ઝેરી કરી નાખી છે. આપણે અત્યારે જે ખાઈએ છીએ તે કેમિકલ્સયુક્ત ઝેરીલો ખોરાક જ ખાઈએ છીએ. એટલે તો ઘરે ઘરે કેન્સરના ખાટલા થઈ રહ્યા છે. કોરોના તો જસે, પણ આ કેન્સરનું શું કરીશું ? એક ગંભીર ચેતવણી: ગુજરાતે કેન્સરથી બચવાની આવશ્યકતા છે. વ્યાપક વ્યસનો અને ઝેરી ખેતીને કારણે ગુજરાતમાં ઘરે ઘરે કેન્સરના ખાટલા હોય એ દિવસો દૂર નથી. આ જાગી જવાની વેળા છે.

પાંચ તત્ત્વોમાં બાકી રહ્યાં બે તત્વો: અગ્નિ અને આકાશ. હજી સૂર્યને આપણે અડી કે નડી શક્યા નથી. એ દાદાને વિક્ષેપ કરવાનું સહેલું નથી. અગ્નિ તત્વ અને અવકાશ તત્ત્વ હજી થોડાંક બચ્યાં છે.

જે રીતે ગ્લોબલ વોર્મિંગ વધ્યું છે, ઓઝોનનાં પડ પર પડ ઉખડી રહ્યાં છે, પૃથ્વીને આવેલો તાવ ઉતરવાનું નામ નથી લેતો, પૃથ્વી પરથી સમયાંતરે જીવસૃષ્ટિની પ્રજાતિઓનો વિનાશ થઈ રહ્યો છે, ઠંડી-ગરમીના ભેદ ભૂલાઈ રહ્યા છે, પહાડો ઓગળી રહ્યા છે... તે કંઈ સારા સંકેતો નથી. પર્યાવરણ દિવસ એ કંઈ ઉજવવાનો વિષય નથી, સુધરવાનો અને અમલમાં મૂકવાનો દિવસ છે. વાતો કરવાથી, પરિસંવાદો અને વેબિનાર કરવાથી, ગોષ્ઠિઓ ગોઠવવાથી, એ વિષય ભણવા-ભણાવવાથી કંઈ માઠા દિવસો પાછા ઠેલી શકાવાના નથી.

બગડતું-લંગડાતું- વિખરાતું પર્યાવરણ એ અતિ-અતિ ગંભીર વિષય છે. ખૂબ જ ઝડપથી વિશ્વએ પર્યાવરણને બચાવવા યુદ્ધના ધોરણે પગલાં ભરવાં જોઈએ નહિંતર કોરોના તો બચ્ચુ પણ ના કહેવાય તેવી અતિ ગંભીર મહામારીઓ આવશે. આજે તો માસ્ક પહેરીને જીવી શકાય છે, પણ ત્યારે તો જીવવા માટે રીતસર હવાતિયાં મારવાં પડશે.

છાંયડો:

વર્ષો પહેલાં અમદાવાદમાં પર્યાવરણ મિત્ર નામનું સામયિક શરૂ થયેલું. તેના તંત્રી મહેશ પંડ્યા (જે હવે તો પર્યાવરણ શાસ્ત્રી તરીકે ખ્યાત છે.)એ અમારી પાસે લેખ લખાવડાવેલો. અમે એ લેખમાં આગાહી કરી હતી કે પર્યાવરણ વેરો ભરવા તૈયાર રહેજો. એવું બન્યું. પર્યાવરણ મિત્રને ૧૦ વર્ષ થયાં ત્યારે અમારો એ લેખ પર્યાવરણ મિત્રમાં પુનઃ પ્રકાશિત કરાયેલો... આપણને માઠી આગાહી કરવાનું તો ના જ ગમે, પણ જો સાચી ચેતવણી ના આપીએ તો ફરજ ચૂકીએ. એટલે આટલું લખવું પડ્યું.